જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૫૫૩/૧૪**

## GTUના કર્મચારીઓના કોમ્પ્યુટરમાંથી અગત્યના ડેટાની ચોરી કરીતેનો દુરૂપયોગ કરવા અંગેની સાયબર સેલ,ક્રાઇમ બ્રાન્ચમાં કરેલ ફરીયાદ.

ચાંદખેડા ખાતે આવેલ ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીના ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી જે.સી.લીલાણી નાઓએ અત્રેના ક્રાઇમ બ્રાન્ચ ખાતે આવી જાહેરાત કરેલ કે તા.૦૯/૧૦/૨૦૧૪ નાં GTU ના આઈ.ટી વિભાગમાં ફરજ બજાવતા દિગંત દૂધરેજિયા નાઓને માલુમ પડેલ કે GTU ના અધિકારીઓના કોમ્પ્યુટરનો ડેટા ચોરી થાય છે અને અન્ય મેલમાં ટ્રાન્સફર થાય છે અને આ બાબતે તેઓએ ટેકનીકલી રીતે ચેક કરતા GTUના કેટલાક કોમ્પ્યુટરોમાં Keylogger નામનું સોફ્ટવેર નાખેલ જણાયેલ અને આ સોફ્ટવેર દ્વારા કોમ્પ્યુટરની માહિતી અન્ય મેલમાં સેન્ડ થતી હતી જેથી આ સોફ્ટવેર કોણે નાખેલ છે તે બાબતે GTUના આઈટી વિભાગના કોમ્પ્યુટર પ્રોગ્રામર રૂપેન્દ્ર જે.ચોરસિયા તથા કેયુર શાહ કે જે સીસ્ટમ એનાલિસ્ટ તરીકેની ફરજ બજાવે છે તેઓ ત્રણેય જણાઓએ મળી ચેક કરતા આ કોમ્પ્યુટરો માંથી ચોરાયેલ ડેટા એક ઈમેલ આઈ.ડી. k4n1k4@gmail.comપર જતો હોવાનું જણાયેલ અને જે ઈમેલ આઈ.ડી.માં જોતા જેમાં રીકવરી ઈ-મેલ તરીકે imtrozen24by365@gmail.comતેમજ રીકવરી ફોન તરીકે ૯૦૩૩૩૦૩૫૦૪ નો આપેલ હતો જે મોબાઈલ ફોન GTU સંસ્થામાં અગાઉ પ્રોગ્રામર તરીકે નોકરી કરતા તેમજ હાલમાં ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યુટી તરીકે ફરજ બજાવતા હિમાંશુ ગોપાલભાઈ ત્રિવેદી રહે.૩૬, ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩, જૂની પાયલોટ ડેરી રોડ કાંકરિયા અમદાવાદનો હોવાનું જાણવા મળતા અને તેની આ પ્રવૃત્તિ જુન/૨૦૧૦ થી ચાલતી હોવાનું તેના ઈ-મેલ આઈ.ડી.દ્વારા જાણવા મળેલ. જેથી આ બાબતે જીટીયુના ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી જે.સી.લીલાણી નાઓએ ફરીયાદ આપેલ છે.આ હિમાંશુ ત્રિવેદી GTU કર્મચારીઓના કોમ્પ્યુટરમાંથી તેઓની જાણ બહાર ચોરી કરેલાનુ જણાઇ આવેલ છે જેથી તેણે આ ડેટા કોઇને આપેલ છે કે કેમ? કે તેનો કોઇ દૂરૂપયોગ કરેલ છે કે કેમ તે અંગેની તપાસ હાલમાં ક્રાઇમ બ્રાન્ચ ચલાવી રહેલ છે.

આ હિમાંશુ ત્રિવેદીએ GTU સંસ્થાના (૧)ADMINPC (૨)KeyurPC (3) GTU4 (૪)PC01 (૫)ASHAH (૬)GTUEXAM-HP (૭)ZONE2-PC (૮)EXAM-305(૯) KRUTIKA-(૧૦)GTU PC4(૧૧)DYREGISTRAR-PC (૧૨)USER-HP(૧૪)ADMIN-132 (૧૫)ACER-HQRSATI780 (૧૫) EXAM-PC (૧૬) SMITA-PC નામવાળા કોમ્પ્યુટરોમાં Keylogger નાંખેલ છે જેથી આ સંસ્થાના આ નામવાળા કોમ્પ્યુટરો હાલમાં કંઇ કંઇ ઓફીસોમાં ક્યા ક્યા કામ માટે કાર્યરત છે તે દિશામાં પણ તપાસ ચાલુ છે

**"અગાઉ લુંટ ના ગુન્હામાં પકડાયેલ ગોપાલ બથમ ને ચોરીના મોબાઇલ ફોન સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ ઉપરી પોલીસ અધિકારીશ્રીઓએ આપેલ સુચના અનુસંધાને પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અમરાઇવાડી સ્વસ્તીક ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો. રામનરેશ રામદાસ નાઓને મળેલ બાતમી હકિકત આધારે અગાઉ લુંટ ના ગુન્હામાં પકડાયેલ ગોપાલ S/o તોતારામ બાથમ ઉવ.૨૬ રહેઃ મકાન નં.૪, રાવનો વંડો, પોષ્ટ ઓફિસની સામે, અમરાઇવાડી અમદાવાદ શહેરનાને રાબારી કોલોની ઘંટી બસ સ્ટેન્ડ ખાતે થી સેમસંગ કંપનીનો ગ્રાન્ડ-૨, મોબાઇલ કિ.૧૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ તેને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી તેને વધુ પુછપરછ કરતાં આજથી આશરે એક મહીના પહેલા હાટકેશ્ર્વર સર્કલ ખાતે ગણપતિની મુર્તિ ખરીદ કરવા સારુ લોકોની ભીડ હોય જે ભીડ નો લાભ લઇ ગણપતિ મુર્તિ ખરીદ કરવા આવેલ એક ગ્રાહકના ખિસ્સામાંથી તેની નજર ચુકવી મોબાઇલ ફોન ચોરેલ હોવાની હકિકત જણાવેલ છે જે બાબતે ખોખરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૨૧/૧૪ ઇપીકો કલમ ૩૭૯, મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.વધુ તપાસ જારી છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.